(૫૫)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૨૪)**

૧. નિગ્ગંથં **પાવયણં સચ્ચં અણુત્તરં કેવલિયં** પડિપુન્નં
૨. મૈથુન **પરિગ્રહ ક્રોધ માન માયા** લોભ
૩. અદિઠ્ઠહડાએ **દગસંસઠ્ઠહડાએ રયસંસઠ્ઠહડાએ પારિસાડણિયાએ પારિટ્ઠાવણિયાએ** ઓહાસણ ભિકખાએ
૪. અભગ્ગો **અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો** જાવ અરિહંતાણં
૫. મા ણં ખુહા **મા ણં પિવાસા મા ણં બાલા માણં ચોરા મા ણં દંસા** મા ણં મસગા
૬. ઈંગાલ કમ્મે **વણ કમ્મે સાડી કમ્મે ભાડી કમ્મે ફોડી કમ્મે** દંત વાણિજ્જે
૭. આમોસે **સસરકખામોસે આઉલમાઉલાએ સોવણવત્તિયાએ** ઈત્થી
૮. અહોકાયં **કાય સંફાસં ખમણિજ્જો ભે કિલામો અપ્પકિલંતાણમ** બહુ સુભેણં
૯. ચત્તારિ લોગુત્તમા **અરિહંતા લોગુત્તમા સિદ્ધા લોગુત્તમા સાહૂ લોગુત્તમા કેવલી પન્નતો ધમ્મો** લોગુત્તમો
૧૦. એવંમએ **અભિથુઆ વિહુય રયમલા પહીણ જરમરણા ચઉવીસંપિ** જિણવરા
૧૧. સમણોડહં **સંજય વિરય પડિહય પચ્ચકખાય** પાવક્કમો
૧૨. ચઉહિં સન્નાહિં **આહાર સન્નાએ ભય સન્નાએ મૈથુન સન્નાએ પરિગ્ગહ સન્નાએ** પડિક્કમામિ

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૧૨)**

| | જવાબ |
|---|---|
| ૧. છવિચ્છેએ | **નાક, કાન આદિ અવયવો છેદ્યા હોય** |
| ૨. તિત્તીસન્નયરાએ | **તેત્રીસમાંથી કોઇપણ** |
| ૩. તુબ્ભેહિં | **આપની** |
| ૪. કાલાઈક્કમે | **વસ્તુનો કાળ વીતી ગયા પછી બગડેલી વસ્તુ વહોરાવી હોય** |
| ૫. અરિહંતે | **કર્મરૂપી શત્રુને હણનાર અરિહંત** |
| ૬. તક્કરપ્પઓગે | **ચોરને મદદ કરી હોય** |
| ૭. ન સોહિયં | **શુદ્ધતાપૂર્વક કર્યું ન હોય** |
| ૮. ઉમ્મગ્ગો | **સાચા જૈનમાર્ગ વિરુદ્ધ** |
| ૯. મિચ્છાએ | **મિથ્યાભાવે કરેલી** |
| ૧૦. કેસ વાણિજ્જે | **ચમરી, ગાય આદિના કેશનો વેપાર કર્યો હોય** |
| ૧૧. સઈઅંતરદ્ધાએ | **સંદેહ પડ્યા છતા આગળ વધાયું હોય** |
| ૧૨. સદ્દાણુવાએ | **સાદ કરીને મર્યાદાની બહારથી કોઈને બોલાવેલ હોય** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૧૨)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. અનુજ્ઞા–આજ્ઞા આપો | **અણુજાણહ** | ૨. સંયમરૂપી જીવનના દેનારા | **જીવ દયાણં** |
| ૩. સમતારૂપ સામાયિકને વિશે | **સામાઈએ** | ૪. લીધેલા વ્રતોમાં દોષ લાગ્યા હોય તેનું | **અતિચાર** |
| ૫. મિથ્યાત્વના મતની ઈચ્છા કરી હોય | **કંખા** | ૬. પદ ઓછું ભણાયું હોય | **પયહીણં** |
| ૭. સામાયિકની સ્મૃતિ ન રાખી હોય | **સામાઈયસ્સ સઈ અકરણયા** | | |
| ૮. મરણની ઈચ્છા કરી હોય | **મરણા સંસપ્પઓગે** | | |
| ૯. મુખ, હાથ આદિથી કુચેષ્ટા કરી હોય | **કુક્કુઈએ** | | |
| ૧૦. આપ ધર્મદેવ છો | **દેવયં** | | |
| ૧૧. આશાતના વડે | **આસાયણાએ** | | |
| ૧૨. ઉતાવળમાં ધ્રાસકો પડે તેવું બોલવું | **સહસાભકખાણે** | | |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. પ્રતિક્રમણનું બીજું નામ શું છે? તે કોણે કરવું જોઈએ?

**જ. આવશ્યક સૂત્ર. ચતુર્વિધ સંઘ – સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા.**

૨. ઉત્કૃષ્ટ વંદના કયા પાઠથી કયા આસને બેસીને કરાય છે?

**જ. પ્રતિક્રમણના ત્રીજા ઈચ્છામિ ખમાસમણોના પાઠથી કરાય છે. ઉક્ડુ કે ગોદુહ આસને બેસીને કરાય છે.**

૩. અતિચાર અને અનાચાર એટલે શું?

**જ. અતિચાર – વ્રતને ભંગ કરવાની તૈયારી/અંશે વ્રત તૂટે તેવા દોષોનું સેવન કરવું. અનાચાર – વ્રતની મર્યાદાને તોડી સર્વથા વ્રત/એકાશે કે સર્વાંશે ભંગ કરવો.**

૪. શિક્ષાવ્રત એટલે શું? તે કેટલા છે?

**જ. મોક્ષપ્રાપ્તિ માટે કર્મક્ષયનો નિયમિત અભ્યાસ કરાવતી ક્રિયાઓનું શિક્ષણ આપનાર વ્રતોને શિક્ષાવ્રત કહે છે. તે ચાર છે.**

૫. સંવચ્છરિય પ્રતિક્રમણ ક્યારે કરવામાં આવે છે?

**જ. દર વર્ષે ભાદરવા સુદ પાંચમ – સંવત્સરીને દિવસે કરાય છે.**

૬. પ્રતિક્રમણનો સાર બતાવતો પાઠ કયો? આ પાઠમાં છુપાયેલું મોટું પાપ કયું છે?

**જ. ઈચ્છામિ ઠામિનો પાઠ છે. ઉસ્સુત્તો = સૂત્ર વિરુદ્ધ કર્યું હોય.**

૭. સર્વ કાળની આશાતનાનો અર્થ શું છે?

**જ. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન એમ ત્રણે કાળની બધી આશાતનાઓ.**

**(૨૫)**

**પ્ર.૨ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. દેવના મુખ્ય ભેદ કેટલા? તેના સ્થિતિ અને કુળ લખો.

**જ. ચાર. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, વૈમાનિક. સ્થિતિ – જ. ૧0000 વર્ષ, ઉ. ૩૩ સાગરોપમ. કુળ – ૨૬ લાખ ક્રોડ.**

૨. વાયુકાયની દયા કેવી રીતે પાળશું?

**જ. ૧) ઉઘાડે મુખે બોલવું નહિ. સાધુ–સંતો સાથે જતના રાખીને વાતચીત કરવી. ૨) તાળી પાડવી નહિ. ૩) હિંચકા ખાવા નહિ. ૪) દાંડિયા, રાસ, ગરબા રમવા નહિ. ૫) કપડા જોરજોરથી ઝાપટવા નહિ.**

૩. ઉરપરિસર્પ એટલે શું? ગર્ભજ તિર્યંચની ઉત્કૃષ્ટ સ્થિતિ લખો.

**જ. જે હૈયાભર ચાલે, પેટે ચાલે, તેને ઉરપરિસર્પ કહે છે. તે સાપ, અજગર, અશાલિયો વગેરે. તેની ઉ. સ્થિતિ ત્રણ પલ્યોપમની.**

૪. મનુષ્યના ભેદ કેટલા? કયા કયા?

**જ. બે ભેદ. ગર્ભજ અને સંમૂર્ચ્છિમ. ૧૫ કર્મભૂમિના મનુષ્ય, ૩0 અકર્મભૂમિના મનુષ્ય, ૫૬ અંતરદ્વીપના મનુષ્ય એ ૧૦૧ ગર્ભજ મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા ૨૦૨ અને ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા એમ કુલ ૩0૩ ભેદ થાય.**

૫. શાશ્વત સુખનું સ્થાન કયું છે? ત્યાં કોણ બિરાજે છે? તે કેવા છે?

**જ. શાશ્વત સુખનું સ્થાન મોક્ષ છે. ત્યાં અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે, તેમને કર્મ હોતા નથી. તે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે.**

૬. આયંબિલની ઓળી વર્ષમાં કેટલીવાર આવે? ક્યારે ક્યારે?

**જ. બે વાર. ચૈત્રી આયંબિલ ઓળી – ચૈત્ર સુદ સાતમથી પૂનમ. આસો સુદ ઓળી – આસો સુદ સાતમથી પૂનમ.**

૭. કંદમૂળ ન ખાવાથી કોની આજ્ઞાનું પાલન થાય છે? સ્વભાવ કેવો થાય છે?

**જ. કંદમૂળ ન ખાવાથી તીર્થંકર ભગવાનની આજ્ઞાનું પાલન થાય. સ્વભાવ તામસી, ઉગ્ર ન થાય. શાંત રહે છે.**

૮. પૃથ્વીકાયનું આયુષ્ય, કુળ, વર્ણ અને સંસ્થાન લખો.

**જ. આયુષ્ય – જ. અંત. ઉ. ૨૨૦૦૦ વર્ષ, કુળ – ૧૨ લાખ ક્રોડ, વર્ણ – પીળો, સંસ્થાન – મસૂરની દાળ.**

**(બ) જોડકા જોડો.** **(૩)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. સાધારણ વનસ્પતિ | ૧. ઝાકળ | **૬. ગરમર** |
| ૨. દેવ | ૨. નીલો | **૪. વૈમાનિક** |
| ૩. સ્થળચર | ૩. સિંહ | **૩. સિંહ** |
| ૪. તેઈન્દ્રિય | ૪. વૈમાનિક | **૫. કંથવા** |
| ૫. અપ્કાય | ૫. કંથવા | **૧. ઝાકળ** |
| ૬. વાઉકાયનો વર્ણ | ૬. ગરમર | **૨. નીલો** |

**(ક) ખાલી જગ્યા પૂરો.** **(૬)**

| | જવાબ |
|---|---|
| ૧. ...... અને ...... એ મારો સ્વભાવ છે. | **જ્ઞાન, દર્શન** |
| ૨. લોભી લાલચને લીધે પોતાનું ....... ગુમાવે છે. | **સ્વમાન** |
| ૩. ....... અને ....... બંને રાગથી થાય છે. | **લોભ, માયા** |
| ૪. ....... થી પાપ વધતા જાય છે. | **છેતરપિંડી** |

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. નેમકુમારે દીક્ષા લેવાનો નિર્ણય કરતા રાજુલને શું વિચાર આવ્યો?

**જ. ખરેખર ધિક્કાર છે મને કે નેમકુમાર દ્વારા હું ત્યાગી દેવામાં આવી, પણ આ ભવમાં મારે હવે બીજો વર ન જોઈએ. હવે મારા માટે પણ શ્રેષ્ઠ એ છે કે હું પણ તેમના પગલે ચાલીને દીક્ષા લઉં.**

૨. ગજસુકુમારના માતા–પિતા–ભાઈનું નામ શું હતું? તેમનું નામ ગજસુકુમાર કેમ પડ્યું? તેમણે કોની પાસે દીક્ષા લીધી?

**જ. માતાનું નામ–દેવકી, પિતાનું નામ–વસુદેવ, ભાઈનું નામ–કૃષ્ણ વાસુદેવ. તેમનું શરીરે હાથીના તાળવા જેવું સુકોમળ હતું, તેથી તેમનું નામ ગજસુકુમાર પડ્યું. તેમણે નેમનાથ ભગવાન પાસે દીક્ષા લીધી.**

૩. આનંદ શ્રાવકે કેટલી પડિમા ધારણ કરી? આરાધના કરતા તેમનું શરીર કેવું થઈ ગયું હતું?

**જ. ૧૧ પડિમા ધારણ કરી. આરાધના કરતા તેમનું શરીર તપ–ત્યાગને કારણે દુર્બળ અને લોહીમાંસ વિના સૂકું થઈ ગયું તેમના શરીરમાંથી હાડકા અને નસો દેખાવા લાગી તથા તેમનાથી ઉઠવું–બેસવું થતું નહીં.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | |
|---|---|
| ૧. આપણા નગર બહાર ભગવાન મહાવીર પધાર્યા છે. | **આનંદ શ્રાવક શિવાનંદાને કહે છે.** |
| ૨. મારી શક્તિનો ઉપયોગ આત્મકલ્યાણ કરવા માટે કરવો જોઈએ. | **નેમિનાથ ભગવાન ચિંતન કરે છે.** |
| ૩. આત્મા નિત્ય છે અને શરીર અનિત્ય છે. | **ગજસુકુમાર મુનિ ચિંતન કરે છે.** |
| ૪. તમને ધિક્કાર છે કે જે અસંયમરૂપ જીવન જીવવાની ઈચ્છા કરો છો. | **રાજેમતી સાધ્વી રથનેમિ મુનિને કહે છે.** |

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. શું બાળકો ........ ખોટું નથી. **પાના નં. ૮૮ કડી ૩** ૨. ભમતા ......... હું કરું. **પાના નં. ૮૯ કડી ૮**

૩. નવકાર ......... મેં ગ્રહ્યા. **પાના નં. ૮૯ કડી ૧૨** ૪. ગુણથી ......... વહે. **પાના નં. ૯૦ કડી ૨/૩**

૫. ધર્મ વાડીએ ......... બદલે જાય. **પાના નં. ૯૦ કડી ૪/૫**

**જય – જિનેન્દ્ર**